95

33/c
109

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

"જલસેવા ભવન", સેક્ટર- ૧૦ એ,

ગાંધીનગર

## પરિપત્ર

વિષયઃ- ૨૦૦ મી.મી.વ્યાસના પાતાળકુવા ને બદલે ૨૫૦ મી.મી.વ્યાસના પાતાળકુવાનું (બોર) શારકામ કરવા બાબત.

**વંચાણે લીધાઃ**

(૧) બોર્ડ કચેરીના પરિપત્ર નં મુ.ઈ./(યાં)પરિપત્ર/બોર/એમ-૪/૪૦૮, તા.૭.૩.૨003.

(૨) બોર્ડ કચેરીના પરિપત્ર નં મુ.ઈ.(યાં)/૨૦૧૨/પરિપત્ર/૮" ના બદલે ૧૦" બોર/ એમ-3/ ૫૩૦/૧૨ તા.૧૫.૦૫.૨૦૧૨.

**આમુખઃ**

સંદર્ભિત બે પરિપત્રથી ૨૦૦ મી.મી.વ્યાસના (૮"-આઠ ઈંચના) પાતાળકુવા ને બદલે ૨૫૦ (૧૦"- દશ ઈંચના)મી.મી.વ્યાસના પાતાળકુવાનું શારકામ કરવા બાબતની નીતિ અમલમાં છે. જે મુજબ સંદર્ભ પરિપત્ર (૨) થી મંજૂરીની પ્રક્રિયામાં ઝડપ લાવવા સત્તાનું વિકેંદ્રીકરણ કરી ઝોન કક્ષાએ મુખ્ય ઈજનેરશ્રી (સંબધિત ઝોન) ની અધ્યક્ષતામાં મંજૂરીની પ્રક્રિયા માટે સમિતિ બનાવેલ.

અમુક રેતાળ વિસ્તારના એકવીફરની પાણી આપવાની સિમિત ક્ષમતાને કારણે ઉંડા પંપીગ વોટર લેવલ થતાં પમ્પીંગ મશીનરી વધુ HP ની ઉપયોગમાં લેવાની થાય છે. જેનો વ્યાસ તથા તેની સાથે કેબલ ઉતારવાથી ૨૦૦ મી.મી વ્યાસના બોરમાં 3 મી.મી. જેટલો નહીંવત અવકાશ રહે છે જેથી પમ્પીંગ મશીનરી ઉતારતાં તેમજ બહાર કાઢવામાં ફસાઈ જવાના બનાવો બને છે જેના પરિણામે નવિન બોર શારવાનો થાય છે. નવિનબોરની મંજૂરી , શારકામ વગેરે માટે લાંબો સમય તથા વધારાનો ખર્ચ પણ થાય છે અને તે દરમિયાન ગામોને પીવાના પાણીની મુશ્કેલી ઊભી થાય.

આમ, ૨૦૦ મી.મી વ્યાસના બોર ને બદલે ૨૫૦ મી.મી.વ્યાસના બોર કરવામાં આવે તો તાંત્રિક દષ્ટિએ પંપ ફસાવવાની શક્યતા ઘટે અને બોરનું આયુષ્ય લાંબુ થાય. જેના પરિણામે ટૂંકાગાળામાં શારવાના થતા નવા બોરને બદલે ૨૫૦ મી.મી. વ્યાસના બોરના લાંબા આયુષ્યને લઈને મૂળ બોરના ખર્ચનું વળતર પણ મળી રહે અને સરવાળે ખર્ચ ઓછો થાય.

## આદેશ:

ટેકનીકલ ડેટા જેવા કે વિસ્તારના એકવીફરની પાણી આપવાની ક્ષમતા, પંપીગ વોટર લેવલ, પમ્પીંગ મશીનરી ફસાઈ જવાના કિસ્સાઓમાં ટૂંકાગાળામાં મળતી નિષ્ફળતા, તેમજ બોરના પરફોર્મન્સ આધારિત મુદ્દાઓને ધ્યાનમાં લઈને નીચે જણાવેલ તાલુકાઓમાં તેની સામે દર્શાવેલ ઉંડાઈ માટે જ મર્યાદિત રાખીને ૨૫૦ મી.મી. વ્યાસના બોર શારવાના રહેશે. લોકફાળો પ્રવર્તમાન ધારાધોરણ મુજબ લેવાનો રહેશે.

૨૫૦ મી.મી. વ્યાસના બોર શારકામ માટેના તાલુકાઓની યાદી:

| અ. નં | જિલ્લો | તાલુકો | ઉંડાઈ નો માપદંડ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | માણસા | ૧૫૦ મીટર કે તેથી વધારે ઉંડાઈ |
| ૨ | મહેસાણા | મહેસાણા, વિસનગર, વિજાપુર, ઉંઝા | |
| ૩ | પાટણ | સિધ્ધપુર, પાટણ | ૩૦૦ મીટર કે તેથી વધારે ઉંડાઈ |
| ૪ | અમદાવાદ | માંડલ, દેત્રોજ | |

જ્યારે રાજ્યના અન્ય રેતાળ વિસ્તાર માટે ૨૦૦ મી.મી.વ્યાસના બોર કરવાની પ્રથા યથાવત રહેશે. તેમજ તેવા વિસ્તારમાં માંગણી અન્વયે ૨૫૦ મી.મી. વ્યાસના બોરના તફાવત ના નાણાં ભરવાની શરતે મંજુરી માટે સંદર્ભ પરિપત્ર (૨) માં દર્શાવેલ પ્રથા અમલમાં રહેશે.

(રવિ સોલંકી)
મુખ્ય ઈજનેર (યાંત્રિક)

જા.નં મુ.ઈ.(યાંત્રિક)/પરિપત્ર/બોર/જીઓ/ ૯૪૧ / ૨૭/૨/૧૫

નકલ શુભેચ્છા સહ રવાના પ્રતિ:-
અંગત મદદનીશશ્રી મા. અધ્યક્ષશ્રી કાર્યાલય.
- અંગત મદદનીશશ્રી મા. સભ્યસચિવશ્રી કાર્યાલય.
- મુખ્ય ઈજનેરશ્રી સર્વે

નકલ રવાના પ્રતિ:-
અધિક્ષક ઈજનેરશ્રી જા.આ.યાંત્રિક વર્તુળ, અમદાવાદ/વડોદરા/રાજકોટ/જુનાગઢ ને જાણ સારૂ.